**દલિત મહીલા કલા/ સાહિત્ય અવાડ આપવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક:-પરચ/૧૦૨૦૦૮/મ-૫૫૭/ન.બા.૬૨/ગ
સચિવાલય, ગાંધીનગર.

<u>ઠરાવ ::-</u> ૨૦।૮।૨૦૦૯

અનુસુચિત જાતિઓ સહિત સમગ્ર દલિતવર્ગના શોષણ,દમણ,પીડા,સંઘર્ષ અને આંકાંક્ષાઓને અભિવ્યકત કરી,આ વર્ગોમાં તેઓના અધિકારો માટે જાગૃતિ લાવવા અને દલિતોના અસ્મિતા અને સમરસતા પ્રગટ કરવા માટે દલિત સાહિત્યકારો પોતાના લેખો, નવલકથા, કવિતાઓ વગેરે પ્રકાશન દ્વારા પ્રયત્નો કરતાં હોય છે.

૨. ઉપર દર્શાવેલ સાહિત્યકારોમાં ખાસ કરીને દલિત મહીલા લેખિકાને/ હસ્તકલા કારીગર મહીલાઓને પ્રેરણા મળે તે માટે દલિત મહીલા / હસ્તકલા કારીગરને એવોર્ડ દ્વારા પુરસ્કૃત કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

૩. આ બાબતમાં પુખ્ય વિચારણાને અંતે દલિત મહીલા કલા/સાહિત્ય હસ્તકલા વગેરે ક્ષેત્રે મહત્વની યોગદાન પાછળ રૂા.૫૦,૦૦૦/-( રૂપિયા પચાસ હજાર પુરા) નો એવોર્ડ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.આ એવોર્ડ " દલિત મહીલા કલા/સાહિત્ય એવોર્ડ" તરીકે ઓળખાશે.

૪. આ એવોર્ડ આપવા માટેની પધ્ધતિ તથા નિયમો આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

૫. આ અંગેનો ખર્ચઅંદાજપત્ર સદર-૨૨૨૫,અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૦૧ અનુસુચિત જાતિઓનું કલ્યાણ-૨૪ બીસીકે-૩૦ દલિત મહીલા કલા/ સાહિત્ય એવોર્ડ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

(૬) આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાંણા વિભાગની તા.૬-૮-૦૯ ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.યુ.ખત્રી )
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
- મા.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગુજરાત,રાજ્ય,ગાંધીનગર
- એ.જી. રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
- સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
- નાણાં વિભાગ / નાણા સલાહકારશ્રી,
- સિલેકટ ફાઈલ.

ગ-૦૮-૯૧૦

નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર
24 AUG 2009
આવક નંબર........

## પ રિ શિ ષ્ટ.

(ઠરાવ ક્રમાંક:પરચ–૧૦૨૦૦૮–મ.૫૫૭–નબા.૬૨–ગ તા......
નું બિડાણ )

**દલિત મહીલા કલા/સાહિત્ય એવોર્ડ એનાયત કરવાની યોજનાના નિયમો અને પધ્ધતિ.**

(૧) આ એવોર્ડ સમગ્ર વર્ગોના શોષણ,દમનપીડા,વિદ્રોહ,સંઘર્ષ અને આકાંક્ષાને અભિવ્યકત કરી આ વર્ગોમાં માનવીય ગરીમા સાથે તેમના અધિકાર માટે જાગૃતિ લાવવા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી દલિતોમાં અસ્મિતા પ્રગટ કરતા સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે મહત્વના અને મૌલિક યોગદાન આપનાર અનુસૂચિત જાતિની મહિલા લેખિકાને/ હસ્તકલા કારીગર મહિલાઓને " દલિત મહિલા કલા /સાહિત્ય એવોર્ડ " આપવામાં આવશે.

(૨) <u>એવોર્ડની શરતો ::–</u>

આ એવોર્ડમાં રૂ.૫૦,૦૦૦/– ( અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ની રોકડ રકમ તથા એક પ્રશંસા પત્ર સામેલ હશે. એવોર્ડની રકમનું વિતરણ ચેક ધ્વારા કરવામાં આવશે.

(૨) એવોર્ડ દર વર્ષ આપવામાં આવશે અને વર્ષ તરીકે નાણાકીય વર્ષ ધ્યાને લેવામાં આવશે.

(૩) આ એવોર્ડ પાત્ર ઠરેલ મહિલાને એવોર્ડ વિતરણ સમારંભમાં હાજર રહેવા આમત્રણ આપવામાં આવશે.

(૪) જો કોઈ વર્ષે આ એવોર્ડ કોઈ પણ મહિલાને આપવામાં ન આવે તો તે વર્ષ પુરતો આ એવોર્ડ મુલતવી રાખવામાં આવેલ ગણાશે.

(૫) એવોર્ડ એનાયત કરવાનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવશે.

(૬) રાજય સરકારે નકકી કરે તે મહાનુભાવોના વરદ હસ્તે આ એવોર્ડ એનાયત કરાશે.

(૭) છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિની વ્યકિતએ અનુસુચિત જાતિના લોકોના ઉત્કર્ષ માટે સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે જયારે હસ્તકલા કારીગીરીમાં છેલ્લા પાંચ વર્ષનો હસ્તકલા ક્ષેત્રે અનુસુચિત જાતિના લોકોના ઉત્કર્ષ માટે સર્જનાત્મક કામગીરી કરેલ હોય અને અનુસુચિત જાતિના લોકોને હસ્તકલા કારીગીરી ક્ષેત્રે આગળ લાવવા માટે અનુસુચિત જાતિની મહિલાએ આપેલ યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

(૩) <u>**એવોર્ડમાં કોની ભલામણ ગ્રાહય રાખવી ::–**</u>

(૧) આ એવોર્ડ માટે નીચેની વ્યકિત–સંસ્થાઓ ભલામણ કરી શકશે.

(૨) સાહિત્ય ક્ષેત્ર જાણકાર તથા સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યકિત–સંસ્થાઓ તથા હસ્તકલા કારીગીરની સંસ્થાઓ.

(૩) સંસદ સભ્યશ્રીઓ–વિધાનસભાના સભ્યશ્રીઓ, રાજયના વડી અદાલતના ન્યાયધીશશ્રીઓ

(૪) રાજય, રાષ્ટ્ર કે આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યકિતઓ કે વિજેતાઓ,સંસ્થાઓ અને સંગઠનો.

(૫) યુનિવર્સિટીઓના ઉપકુલપતિ

(૬) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ આવા એવોર્ડ માટે ભલામણ કરવા નકકી કરે તેવી કોઈપણ વ્યકિત–સંસ્થા

(૭) કોઈ પણ વ્યકિત પોતાના નામની એવોર્ડ માટે ભલામણ કરશે તે ધ્યાન ઉપર લેવાશે નહી.

(૮) ઉપર જણાવેલ વ્યક્તિ કે સંસ્થા એકજ નામની ભલામણ કરી શકશે.
(૯) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિના સભ્યો કોઈના નામની ભલામણ કરી શકશે નહી.

**(૪) એવોર્ડ આપવા માટેની તારીખ :—**

" દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ " દર વર્ષે એપ્રિલ માસના પ્રથમ અઠવાડિયામા લેખિત સ્વરૂપે અગ્રગણ્ય દૈનિક પત્રોમાં જાહેરાત આપીને આ સાથેના અરજી પત્રકમાં દરખાસ્તો મંગાવવામાં આવશે જે અન્વયે નિયત સમય મર્યાદામાં મળેલી દરખાસ્તો—ભલામણો એવોર્ડ નિર્ણાયક પસંદગી સમિતિના ધ્યાનમાં લેશે. નિયત સમય—મર્યાદામા મળેલી દરખાસ્તો—ભલામણો એવોર્ડ નિર્ણાયક પસંદગી સમિતિના ધ્યાનમાં લેશે. નિયત સમય—મર્યાદા પુરી થયા બાદ મળેલી દરખાસ્તો ધ્યનમાં લેવામાં આવશે નહી.

**(૫) "દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ" નિર્ણાયક પસંદગી સમિતિ:—**

એવોર્ડમાટે સાહિત્યકાર/હસ્તકલાના નિષ્ણાતની પસંદગી કરવા માટે રાજય સરકાર ધ્વારા નીચે જણાવેલ સભ્યોની એક સલાહકાર સમિતિ રચવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા | અધ્યક્ષશ્રી |
| ૨. | અનુસૂચિત જાતિના એક સંસદ સભ્યશ્રી અથવા ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| ૩. | અનુસૂચિત જાતિની મહિલાઓના ઉત્કર્ષ માટે,સાહિત્ય ક્ષેત્રે કામ કરેલ હોય તેવી કોઈ વ્યક્તિ | સભ્યશ્રી |
| ૪. | સાહિત્યક્ષેત્ર સાથે સંકળાયેલ બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ | સભ્યશ્રી |
| ૫. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવશ્રી | સભ્યશ્રી |
| ૬. | નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય સચિવશ્રી |

(૬)—(૧) આ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની મુદત ૩ વર્ષની રહેશે.

(૨) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિએ તેનો નિર્ણય બહુમતીના ધોરણે લેવાનો રહેશે અને જયાં મત સરખા વિભાજન થતા હોય ત્યારે સમિતિના આ મત નિર્ણાયક રહેશે.

(૩) એવોર્ડ માટે દરખાસ્તો મેળવવાની તેની સમગ્ર ચકાસણી કરી આ અંગેની તમામ વિગતો તૈયાર કરવાની કામગીરી સભ્ય સચિવશ્રી તરીકે નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગરની રહેશે.

(૪) નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે મળેલ દરખાસ્તો પર વિચારણા કરી જે લેખિકા/હસ્તકલા કારીગરને એવોર્ડ આપવા યોગ્ય હોય તેની જાણ અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને કરવાની રહેશે. જેના આધારે રાજય સરકાર એવોર્ડ આપવાની કાર્યવાહી કરશે. એવોર્ડ વિતરણ સમારંભની સઘળી કામગીરી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણએ કરવાની રહેશે.

(૫) નિર્ણાયક સમિતિની કાર્યવાહી લેખિતમાં અને ગુપ્ત રાખવાની રહેશે.

(૬) નિર્ણાયક સમિતિના નિર્ણય બાબતે કોઈ રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(૭) આ એવોર્ડ ખાસ સમારંભમાં આપવામાં આવશે.

**(૭) સામાન્ય:—**

૧. આ નિયમોમાં ફેરફાર કરવાની સત્તા રાજય સરકારને રહેશે.

૨. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિને તેના કાર્યો સંબંધમાં પેટા નિયમો બનાવવાની અને તેને અનુકુળ હોય તેવી રીતે અનુસરવાની સત્તા રહેશે. પરંતું તે માટે રાજય સરકારની ઔપચારિક અનુમતિ મેળવી લેવાની રહેશે.

દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ આપવાની યોજનાનું અરજી પત્રક.

(૧) પુરું નામઃ– પાસપોર્ટ સાઈઝનો ફોટો

(૨) સરનામુંઃ–

(૩) જન્મ તારીખઃ–

(૪) અનુ.જાતિ પ્રમાણપત્ર (પ્રમાણિત નકલ સામેલ કરવી)

(૫) નાગરીકતાઃ–

(૬) અભ્યાસઃ–

(૭) સાહિત્યક્ષેત્રે/કલાક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરેલ હોય તેની વિગતોઃ–

(૮) પ્રવૃત્તિઓઃ–

(૯) મેળવેલ પુરસ્કારો, પ્રમાણપત્રોઃ–

(૧૦) કેટલા વર્ષથી કલા/સાહિત્ય ક્ષેત્રે સર્જન કરેલ છેઃ–

(૧૧) વિશેષ નોંધ.

સ્થળઃ–

તારીખઃ–

અરજદારની સહી.

દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ- ૧૦૨૦૦૮-મ.૫૫૭-ન.બા.૬૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩-૯-૨૦૦૯

<u>વંચાણે લીધા :</u>

(૧) તા.૨૦-૮-૦૯ નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગરનો તા.૨૭-૮-૦૯ નો પત્ર નં. અજાક-છ.૫-૨૦૦૯-૫૯૧૦.

<u>સુધારા ઠરાવ ::-</u>

ઉપર જણાવેલ સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી દલિત મહિલા કલા / સાહિત્ય, હસ્તકલા વગેરે ક્ષેત્રે મહત્વના યોગદાન માટે રૂ.૫૦/- હજારનો એવોર્ડ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ એવોર્ડને "સાવિત્રીબાઈ ફૂલેના નામ સાથે જોડવાની દરખાસ્ત નિયામકશ્રીના સંદર્ભ(૨) હેઠળના પત્રથી કરવામાં આવેલ છે.

૨. આ બાબતમાં પુખ્ત વિચારણા બાદ આ એવોર્ડનું "સાવિત્રીબાઈ ફૂલે દલિત મહિલા કલા સાહિત્ય એવોર્ડ" નામાભિધાન કરવાનું સરકારે ઠરાવેલ છે.

૩. આ યોજનાના મુળ ઠરાવની અન્ય શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આર. યુ. ખત્રી)
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અગંત સચિવશ્રી
નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર
એ.જી.અમદાવાદ/રાજકોટ
સર્વેજિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી,
સિલેક્ટ ફાઈલ
ગ-૦૮-૯૨૬